NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડૉ.એસ.આર.ચૌધરી
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી
ફોન : ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
ફેકસ : ૦૨૬૩૭ -૨૮૩૪૫૨
E-mail : dr@nau.in, nau_dr@yahoo.co.in

---

વિષય: ખાતર (નિયંત્રણ ) હુકમ-૧૯૮૫ જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ અને બિયારણ અધિનિયમ-૧૯૬૬ પરવાના બાબત...

વંચાણે : ના.ખેતી.નિયા. કચેરી પત્ર જા.નં. આઇકયુ/કયુસી-૨/ફા.નં.૨૭ ( ૧૮-૧૯) ૬૫૪૦૬-૪૧૧/૨૦૧૮ ગાંધીનગર તા.૧૩.૧૧.૨૦૧૮

# પરીપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના વિવિધ સંશોધન કેન્દ્રો/ વિભાગો દ્વારા વિવિધ પાકોના વિયારણ ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવે છે. સરકારશ્રીના ઉપરોકત વંચાણે લીધેલ પત્ર અન્વયે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા તથા બિયારણના ઉત્પાદન, સંગ્રહ, પ્રદર્શન અને વેચાણ કરવા જેતે જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) પાસેથી વેચાણ પરવાનો મેળવવાનો હોય છે. જે સબબ તમામ કેન્દ્રો/ઉત્પાદન કેન્દ્રોએ ખાતર (નિયંત્રણ) હુકમ ૧૯૮૫, જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ અને બિયારણ અધિનિયમ-૧૯૬૬ અનુક્રમે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને બિયારણના ઉત્પાદન, સંગ્રહ પ્રદર્શન અને વેચાણ કરવા માટે જરૂરી પરવાના મેળવવા જે તે **જિલ્લાની નાયબ ખેતી નિયામકશ્રી ( વિસ્તરણ)ની કચેરીનો સંપર્ક કરી પરવાના મેળવવાની કાર્યવાહી સત્વરે હાથ ધરી અત્રેની કચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે.**

જા.નં.નકૃયુ/સંનિ/બિયારણ પરવાના/ટી.૨/12534-555/૨૦૧૮
નવસારી તા.૩૦.૧૧.૨૦૧૮

I/c [signature] 30.11.18
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

R.P.A.D.

જા.નં: આઇક્યુ/ક્યુસી-૨/ફાનં-૨૭(૧૮-૧૯)/ 65406-411 /૧૮

ખેતી નિયામકશ્રીની કચેરી,
કૃષિ ભવન, ગુ.રા., ગાંધીનગર
તા: 13/૧૧/૨૦૧૮

પ્રતિ,

સંશોધન નિયામકશ્રી,

૧. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ,
૨. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી,
૩. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ અને
૪. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર, દાંતીવાડા

વિષય: ખાતર (નિયંત્રણ) હુકમ-૧૯૮૫, જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ અને બિયારણ અધિનિયમ-૧૯૬૬.

સવિનય સહ ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા તથા બિયારણના ઉત્પાદન, સંગ્રહ, પ્રદર્શન અને વેચાણ કરવા માટે અનુક્રમે રાસાયણિ ખાતર (નિયંત્રણ) હુકમ-૧૯૮૫, જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ અને જંતુનાશક દવા નિયમો-૧૯૭૧ તથા બિયારણ અધિનિયમ-૧૯૬૬, બિયારણ નિયમો-૧૯૬૮ અને બિયારણ (નિયંત્રણ) હુકમ-૧૯૮૩માં જોગવાઇ કરેલ છે.

રાસાયણિક ખાતર જેવા કે મીશ્ર ખાતરો, એન.પી.કે., અને મીક્ષ માઇક્રો ન્યુટ્રીયન્ટના માટે મેન્યુફેકચરીંગના પરવાના વિભાગીય કક્ષાની સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ)ની કચેરીથી મેળવવાના હોય છે, તથા વિવિધ ખાતરોના જથ્થાબંધ અને છુટક વેચાણ માટે જે તે જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) પાસેથી વેચાણ પરવાનો મેળવાનો હોય છે.

જંતુનાશક દવાના કિસ્સામાં મેન્યુફેકચરીંગના પરવાના નાયબ ખેતી નિયામકશ્રી(પેસ્ટી), ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર ખાતેથી તથા વિવિધ જંતુનાશક દવાના વેચાણ માટે જે તે જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) પાસેથી વેચાણ પરવાનો મેળવાનો હોય છે.

વિવિધ બિયારણના વેચાણ માટે જે તે જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) પાસેથી વેચાણ પરવાનો મેળવાનો હોય છે. ઉપરોક્ત પરવાનામાં જણાવેલ શરતો-બોલીઓના પાલન કરવાનું થાય છે.

ઉપરોકત બાબતે જણાવવાનું કે આપના તાબાની કૃષિ યુનિવર્સીટી અંતર્ગત સમાવિષ્ટ તમામ વેચાણ કેન્દ્રો તથા ઉત્પાદન કેન્દ્રો ખાતર (નિયંત્રણ) હુકમ-૧૯૮૫, જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ અને બિયારણ અધિનિયમ-૧૯૬૬થી અનુક્રમે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવા અને બિયારણના ઉત્પાદન, સંગ્રહ, પ્રદર્શન અને વેચાણ કરવા માટે જરૂરી પરવાના મેળવવાના થતા હોય છે. જે આપશ્રી વિદિત થવા સારૂ.

નોંધ:- મુંસદ્દો માન. ખેતી નિયામકશ્રીએ મંજુર કરેલ છે.

(ડી.એલ.પટેલ)
નાયબ ખેતી નિયામક(ગુ.નિ.)
કૃષિભવન, ગાંધીનગર

સવિનય નકલ રવાના,

૧. સેકશન અધિકારીશ્રી(ક-૬), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારૂ..
૨. સેકશન અધિકારીશ્રી(ક-૫), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારૂ..

T-2
62
16/11/18
Do needful

DIRECTOR OF RESEARCH & DEAN, P.G.S.
N. A. U., NAVSARI.
INWARD No. 6209
DATE. 15/11/18

16 NOV 2018

D:\Pesticide-Ajay\guj corrs. 2018-19 letter.docx